Extra No. 319

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, SEPTEMBER 2, 2025 / BHADRA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫

તારીખઃ ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૫ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 20 OF 2025.

THE FACTORIES (GUJARAT AMENDMENT) BILL, 2025.

A BILL

further to amend the Factories Act, 1948 in its application to the State of Gujarat.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૦.

કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ કારખાના (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૫ના જુલાઇ મહિનાની ૧લી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૪૮નો ૬૩મો

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.

૨. ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી, કારખાના અધિનિયમ, ૧૯૪૮ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, વિદ્યમાન કલમ ૫૪ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ કલમમાં નિર્દિષ્ટ કરેલા કામના દૈનિક મહત્તમ કલાકોને, આવા કામ માટે કારખાનાના સંબંધિત જૂથ અથવા વર્ગ અથવા વર્ણનને આપેલ આવા કામદારની લેખિત સંમતિને અધીન રહીને, પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોએ, કારખાનાના કોઈ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં કલમ ૫૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કોઈપણ અઠવાડીયામાં મહત્તમ અડતાલીસ કલાકને અધીન રહીને, કોઈપણ દિવસમાં આરામ માટેના અંતરાલ સહિત બાર કલાક સુધી લંબાવી શકશે અને કામદાર માટે સદરહુ અઠવાડીયાના બાકીના દિવસો પગાર સાથેની (સવેતન) રજાઓ રહેશે.".

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૫માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૩) પેટા-કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૫૪ની પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈને કારણે પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોએ કારખાનાના કોઈપણ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં કામદારના કામના કલાકોની કુલ સંખ્યા અંતરાલ વિના છ કલાક સુધી લંબાવી શકશે.".

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૫નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૫૬ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૬નો સુધારો.

"(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૫૪ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈને કારણે પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોએ કારખાનાના કોઈપણ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં તેના આરામ માટેના અંતરાલ સહિત કામના કલાકોનો ગાળો ૧૨ (બાર) કલાક સુધી લંબાવી શકશે.".

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૫૯નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૯માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) કોઇ કારખાનામાં કામદાર,-

(૧) કોઇ દિવસે નવ કલાક કરતાં વધુ કામ કરે અથવા કોઇ અઠવાડિયામાં અડતાલીસ કલાક કરતાં વધુ કામ કરે, કોઇ અઠવાડિયામાં છ દિવસ કામ કરતો હોય ત્યારે;

(૨) કોઇ દિવસે દસ કલાક કરતાં વધુ કામ કરે અથવા કોઇ અઠવાડિયામાં અડતાલીસ કલાક કરતાં વધુ કામ કરે, કોઇ અઠવાડિયામાં પાંચ દિવસ કામ કરતો હોય ત્યારે;

(૩) કોઇ દિવસે સાડા અગિયાર કલાક કરતાં વધુ કામ કરે, કોઇ અઠવાડિયામાં ચાર દિવસ કામ કરતો હોય અથવા સવેતન રજાના દિવસે કામ કરતો હોય ત્યારે;

ઓવરટાઈમના સંબંધમાં, તે તેના વેતનના સામાન્ય દરથી બમણા દરે વેતન મેળવવાને હકદાર રહેશે.".

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં, પેટા-કલમ (૩)માં,

(૧) ખંડ (૪)માં, "પંચોતેર" એ શબ્દોને બદલે, "એકસો પચીસ" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૪) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(૫) કામદારને ઓવરટાઈમ કામ માટે તેની લેખિત સંમતિને અધીન રહીને આવું કામ કરવા ફરમાવી શકાશે.".

સન ૧૯૪૮ના ૬૩મા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) કારખાનામાં કામ કરતી મહિલાઓને લાગુ પડતી આ પ્રકરણની જોગવાઈઓની પૂરક જોગવાઈઓ તરીકે નીચેના વધુ નિયંત્રણો રહેશે:-

(ક) કોઇ મહિલાને સવારના ૬ કલાકથી સાંજના ૭ કલાક વચ્ચેના હોય તે સમય સિવાય કારખાનામાં કામે રાખી શકાશે નહિ અથવા કામ કરવાની છૂટ આપી શકાશે નહિ:

પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ કારખાનાના અથવા કોઇ કારખાનાના જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં, નીચેની શરતોને અધીન રહીને સાંજના ૭ કલાકથી સવારના ૬ કલાક વચ્ચે મુક્તિ આપી શકશે:-

(૧) કામના સ્થળે, જાતીય સતામણીના કૃત્યોને રોકવાની અથવા અટકાવવાની અને જરૂરી તમામ પગલાં લઈને જાતીય સતામણીના કૃત્યોના નિરાકરણ, નિવેદન અથવા ફોજદારી કાર્યવાહી માટેની કાર્યરીતિઓ માટેની જોગવાઈ કરવાની, કામે રાખનાર (માલિક) અથવા અન્ય જવાબદાર વ્યક્તિઓની ફરજ રહેશે;

(૨) સીધી રીતે અથવા અભિપ્રેત હોય તેમ અનિચ્છનીય જાતીય નિર્ધારીત વર્તણૂક કરવી અથવા જાતીય તરફેણમાં આગળ વધવું અથવા સંપર્ક કરવો અથવા માંગ કરવી અથવા જાતીય રંગરૂપને લગતી ટિપ્પણીઓ કરવી અથવા અશ્લીલ સાહિત્ય બતાવવું અથવા અશ્લીલતા અથવા જાતીય સ્વરૂપના અન્ય કોઈ અનિચ્છનીય શારીરિક, શાબ્દિક અથવા બિન-શાબ્દિક સંપર્ક દર્શાવવા જેવા કોઈપણ સ્વરૂપની જાતીય સતામણી પર સ્પષ્ટ પ્રતિબંધ મૂકવો;

(૩) મહિલાઓ માટે કાર્યસ્થળો પર કોઈ પ્રતિકૂળ વાતાવરણ નથી અને કોઈપણ મહિલા કર્મચારીને, પોતાની નોકરીના સંબંધમાં ગેરલાભ થાય છે એવું માનવા માટે તેણીને વાજબી કારણો ન હોવા જોઈએ તેવું વધુ સુનિશ્ચિત કરવા માટે કાર્યો, આરામ, આરોગ્ય અને સ્વચ્છતાના સંબંધમાં કામકાજની યોગ્ય પરિસ્થિતિઓ પૂરી પાડવી;

(૪) માલિકે, કારખાનામાં જ ફરિયાદ નિવારણ તંત્ર જાળવવાનું રહેશે અને સદરહુ તંત્રએ, ફરિયાદનો સમય-મર્યાદામાં ઉકેલ લાવવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે. આવા તંત્રએ, જરૂર હોય ત્યારે ગોપનીયતાની જાળવણી સહિત ફરિયાદ સમિતિ, વિશેષ સલાહકાર અથવા અન્ય સહાયક સેવાઓની જોગવાઈ કરવાની રહેશે;

(૫) મહિલા કામદારોને, કામદારોની બેઠક (મીટિંગ) અને અન્ય યોગ્ય ફોરમમાં કામદારોને થતી જાતીય સતામણીના મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી આપવી જોઈશે;

(૬) માલિકે, માત્ર કારખાનાની અંદર જ નહિ પણ કારખાનાની આસપાસ અને મહિલા કામદારો કામ દરમિયાન આવશ્યકતા અનુસાર બહાર નીકળે તેવા તમામ સ્થળોએ યોગ્ય લાઈટિંગ અને CCTV કવરેજ પૂરું પાડવાનું રહેશે. CCTV કવરેજ ઓછામાં ઓછા પિસ્તાળીસ દિવસ સુધી સંગ્રહિત કરવું (જાળવી રાખવું) જોઈશે;

(૭) માલિકે સુનિશ્ચિત કરવું જોઈશે કે મહિલા કામદારોને દસ કરતાં ઓછા નહીં તેટલા સમૂહ (બેચ)માં કામે રાખવામાં આવે;

(૮) રાત્રિ પાળી દરમિયાન એન્ટ્રી (પ્રવેશ) અને એક્ઝિટ પોઈન્ટ (બહાર નીકળવાના માર્ગ) પર પૂરતા મહિલા સુરક્ષા રક્ષક (ગાર્ડ) પૂરા પાડવા જોઈશે;

(૯) મહિલા કામદારો માટે અગાઉથી આવી જવા માટે અને કામના કલાકો પછી પાછા જવાના કિસ્સામાં, પૂરતી સંખ્યામાં વિશ્રામ ખંડો પૂરા પાડવાના રહેશે;

(૧૦) માલિકે, (રાત્રિ પાળી માટે) મહિલા કામદારોને તેમના રહેઠાણથી લાવવા અને પાછા મૂકી જવા માટે પરિવહન સુવિધા અને (મહિલા સુરક્ષા ગાર્ડ સહિત) સુરક્ષા ગાર્ડ્સ પૂરા પાડવાના રહેશે અને દરેક પરિવહન વાહન સીસીટીવી (CCTV) કેમેરા અને જીપીએસ (GPS)થી પણ સુસજ્જ હોવું જોઈશે;

(૧૧) રાત્રિ પાળી દરમિયાન, સુપરવાઇઝર શિફ્ટ-ઇન્ચાર્જ અથવા ફોરમેન અથવા અન્ય સુપરવાઇઝરી સ્ટાફના સંખ્યાબળના ૧/૩ કરતાં ઓછી નહીં તેટલી મહિલાઓ હોવી જોઈશે;

(૧૨) જ્યારે મહિલા કામદારોને દિવસની પાળીમાંથી રાત્રિ પાળીમાં અને તે જ રીતે રાત્રિ પાળીમાંથી દિવસની પાળીમાં બદલવામાં આવે ત્યારે છેલ્લી પાળીઓ અને રાત્રિ પાળી વચ્ચે, સળંગ બાર કલાકથી ઓછો નહિ તેટલો આરામ અથવા સમયાંતર (Gap) હોવો જોઈશે.

(૧૩) સંસ્થાએ, દરેક ડ્રાઇવરનો બાયો-ડેટા મેળવવાનો રહેશે અને પોતાની રીતે નોકરીમાં રહેલા તમામ ડ્રાઇવરોના પૂર્વ ઇતિહાસનું નોકરીમાં રાખતા પહેલાં સ્ક્રીનીંગ (ચકાસણી) હાથ ધરવાનું રહેશે. આઉટસોર્સિંગ મારફત નોકરીમાં રાખેલા ડ્રાઇવરના સંબંધમાં, કંપનીએ પોતાને સંતોષ થાય તે રીતે સુનિશ્ચિત કરવાનું રહેશે કે ડ્રાઇવરોને નોકરીમાં રાખતા પહેલાં તેમના બાયો-ડેટાનું એકત્રિકરણ અને પૂર્વ ઇતિહાસનું સ્ક્રીનીંગ સેવા પૂરી પાડનાર દ્વારા હાથ ધરવામાં આવે;

(૧૪) મહિલા કામદારોના ટેલિફોન નંબર, ખાસ કરીને મોબાઈલ ફોન નંબર, ઈમેલ આઈડી અને તેમનું સરનામું અનધિકૃત વ્યક્તિઓ સમક્ષ જાહેર કરવા જોઈશે નહીં;

(૧૫) અવરજવરના માર્ગોની એવી રીતે સાવચેતીપૂર્વક પસંદગી કરવાની રહેશે કે કોઈપણ એક મહિલા કામદારને સૌ પ્રથમ લઇ અને તેમને છેલ્લે ઉતારવામાં ન આવે;

(૧૬) કોઈપણ મહિલા કામદાર માટે રાત્રિ પાળીઓમાં કામ કરવાનું ફરજિયાત અથવા અનિવાર્ય કરવું નહીં. રાત્રિ પાળીઓમાં કામ કરવા ઇચ્છતી મહિલા કામદારો પાસેથી લેખિત સંમતિ મેળવવાની રહેશે; અને

(૧૭) મહિલાઓની સલામતીના હિતમાં રાજ્ય સરકાર ઠરાવે તેવી અન્ય કોઈપણ શરત(તો).

(ખ) સામાહિક રજા અથવા અન્ય કોઈ રજા પછી હોય તે સિવાય પાળીઓમાં કોઈપણ ફેરફાર કરવો જોઈશે નહિ.”.

રદ કરવા બાબત અને અપવાદ.

૮. (૧) કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૫ આથી રદ કરવામાં આવે છે.

સન ૨૦૨૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૨.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

કારખાનામાં કામે રાખેલા કામદારોની કામકાજની સ્થિતિ, સલામતી, સુરક્ષા અને કલ્યાણનું નિયમન કરવાના હેતુથી, કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો કેન્દ્રીય અધિનિયમ ક્રમાંક.૬૩) અધિનિયમિત કરવામાં આવ્યો છે. ઔદ્યોગિક મૂડીરોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે અને વધુ આર્થિક પ્રવૃતિઓ અને રોજગારની તકો ઊભી કરવા માટે, કામદારો માટે અને તેમાં પણ ખાસ કરીને મહિલા કામદારોને આપી શકાય તેવા લાભોની સંખ્યા અને સલામતી વિષયક પગલાં દર્શાવીને, વૈધાનિક જોગવાઈઓ કરીને, કામકાજના કલાકોમાં સુધારા લાવવા માટે પગલાં લેવાનું રાજ્ય સરકારને જરૂરી જણાયું છે.

આથી, ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી કારખાના અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઈઓ નીચે પ્રમાણે સુધારવા ધાર્યું છે,-

(૧) વધુ આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારીની તકો ઊભી કરવા માટે, કામના કલાકોની સંખ્યા, કોઈપણ અઠવાડિયામાં મહત્તમ ૪૮ કલાકને અધીન રહીને, કોઈપણ દિવસે આરામના અંતરાલ સહિત પ્રવર્તમાન નવ કલાકથી વધારીને બાર કલાક સુધી કરવાની રાજ્ય સરકારને પરવાનગી આપવી. વિધેયકની કલમ ૨થી, તે માટેની જોગવાઈ કરેલી છે.

(૨) કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈઓને કારણે, કામના દરરોજના મહત્તમ કલાકોનો સમય વધારવાનું સરળ બનાવવા, કોઈપણ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના કારખાનામાં, કોઈ કામદાર દ્વારા કરવામાં આવતા કામના કલાકોની કુલ સંખ્યા વધારીને આરામના અંતરાલ વગર છ કલાકની કરવા માટે રાજ્ય સરકારને પરવાનગી આપવી. વિધેયકની કલમ ૩થી, તે માટેની જોગવાઈ કરેલી છે.

(૩) કામકાજના જેટલા કલાકથી વધારાના કલાક માટે કામદારને ઓવર-ટાઈમ કામના સંબંધમાં વેતનના સામાન્ય દર કરતાં બમણા દરે વેતન ચૂકવવાપાત્ર હોય તેવા કોઈપણ દિવસના અથવા કોઈપણ અઠવાડિયાના કામના કલાકો ઠરાવવાની રાજ્ય સરકારને પરવાનગી આપવી. વિધેયકની કલમ ૫થી, તે માટેની જોગવાઈ કરેલી છે.

(૪) કામના અસાધારણ ભારણને પહોંચી વળવા માટે, ત્રિમાસમાં, વધારાના સમયગાળા માટે કામદારોને ઓવર-ટાઈમ પર રોકવાની કારખાનાને પરવાનગી આપવી. વિધેયકની કલમ ૬થી, તે માટેની જોગવાઈ કરેલી છે.

(૫) સમાનતા અને કામ તેમજ વેતનની સમાન તક પૂરી પાડીને, મહિલા કામદારોને ઓવર-ટાઈમ પર રોજગારી આપવી અને રાતપાળીમાં કામ કરતી મહિલા કામદારોની સલામતી અને આરોગ્યને સુનિશ્ચિત કરવાની શરતોને અધીન રહીને, રાતપાળી માટે કામ કરવા ઈચ્છતી હોય તેવી મહિલા કામદારોની લેખિત સંમતિ મેળવીને, મહિલાઓ માટે ચોવીસ કલાકનો રોજગાર પણ ઊભો કરવો. વિધેયકની કલમ ૭થી, તે માટેની જોગવાઈ કરેલી છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, કારખાના (ગુજરાત સુધારા) વટહુકમ, ૨૦૨૫ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

બલવંતસિંહ રાજપૂત,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૨.- આ કલમથી ઉમેરવા ધારેલી કલમ ૫૪ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ અઠવાડિયામાં મહત્તમ અડતાળીસ કલાક (કામના કલાકો)ને અધીન રહીને, દરરોજ મહત્તમ કામના કલાકો, કોઈપણ દિવસે આરામના અંતરાલ સહિત બાર કલાક સુધી વધારવાની સત્તા મળે છે.

કલમ ૩.- આ કલમથી ઉમેરવા ધારેલી કલમ ૫૫ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૫૪ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈને કારણે પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોએ, કારખાનાના કોઈ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં, કામના કલાકોની કુલ સંખ્યા વધારીને આરામના અંતરાલ વગર છ કલાકની કરવાની સત્તા મળે છે.

કલમ ૪.- આ કલમથી ઉમેરવા ધારેલી કલમ ૫૬ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૫૪ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કામના કલાકોમાં છૂટછાટની જોગવાઈને કારણે પોતાને ઈષ્ટ જણાય તેવી શરતોએ, કારખાનાના કોઈ જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં તેના આરામના અંતરાલ સહિત કાર્ય-સમય બાર કલાક સુધીનો કરવાની સત્તા મળે છે.

કલમ ૭.- (૧) આ કલમથી બદલવા ધારેલી કલમ ૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ ખંડ (ક)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતોને અધીન રહીને, કોઈ કારખાના અથવા કોઈ કારખાનાના જૂથ અથવા વર્ગ અથવા વર્ણનના સંબંધમાં, સાંજના ૭ કલાકથી સવારના ૬ કલાકની વચ્ચે મુક્તિ આપવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી બદલવા ધારેલા પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના, પેટા-ખંડ (૧૭)થી, રાજ્ય સરકારને, મહિલાઓની સલામતીના હિતમાં, તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતો સિવાયની શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૫. **બલવંતસિંહ રાજપૂત.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.13 19:43:37 IST